# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૮ તા.૧૫-૪-૧૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- અનુસુચિત જાતિ, અન્ય પછાત વર્ગ તથા અપંગ વિદ્યાર્થીઓની સને ૨૦૧૪-૧૫ના વર્ષ માટેની શિષ્યવૃત્તિ/ગણવેશ સહાયના નાણાંની ચૂકવણી અંગે.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે અનુસુચિત જાતિ, અન્ય પછાત વર્ગ (વિ.વિ.જાતિ, સા.શૈ.પ.વ., ધાર્મિક લઘુમતિ, ભાષાકિય લઘુમતિ, આર્થિક પછાતવર્ગ) અને અપંગ વિદ્યાર્થીઓની વર્ષ ૨૦૧૪-૧૫ની શિષ્યવૃત્તિ / ગણવેશ સહાયની રકમ આપની શાળાના બેંક ખાતામાં જમા કરાવવામાં આવેલ છે. તો આપની શાળામાં મોકલવામાં આવેલ શાળા હુકમમાં જણાવેલ રકમ પ્રમાણે શિષ્યવૃત્તિના નાણાં બેંક મારફત વિદ્યાર્થીઓને તેમના બેંક ખાતામાં જમા કરાવશો. વિદ્યાર્થીઓને નાણાં બેંક ખાતામાં ચૂકવો પરંતુ પહોંચપત્રક(ત્રણ નકલ)મા વાલી તથા વિદ્યાર્થીઓની સહી અવશ્ય લેશો. કોઈ કારણસર ચિલન હોય તો તે લાલપેનથી(પહોંપત્રકમાં) દર્શાવવું. પહોંચપત્રકની બે નકલ શિષ્યવૃત્તિ વિભાગ ખાતે તથા એક નકલ શાળા દફતરે રાખશો અને ઉપરોકત જણાવેલ જાતિ અને વર્ષનો હિસાબ સમયસર પુરો કરી દેશો.

**<u>આ સાથે આપને આપની શાળાનો શાળા હુકમ તેમજ ઉપર જણાવેલ જાતિના મંજૂર કરેલ દરખાસ્તપત્રક મોકલી આપવામાં આવે છે. તે દરખાસ્તપત્રક પાછળ આપની શાળાના હુકમમાં દર્શાવેલ જે-તે યોજનાના પત્રક નંબર આગળ દર્શાવેલ વાઉચર નંબર તથા તારીખ તે યોજનાના મંજૂર કરેલ દરખાસ્ત પત્રક પાછળ લાલપેનથી લખી રાખશો.</u>**

**<u>વધુમાં ચાલુ વર્ષથી પત્રક-૧,૨,૩,૧૧,૧૨ તથા ૧૩માં સમાવેશ કરેલ ધો.૬ થી ૮ની કન્યાઓને રૂા.૭૫૦/- પ્રમાણે શિષ્યવૃત્તિ મળવાપાત્ર હોઈ તે કન્યાઓને રૂા.૭૫૦/- પ્રમાણે શિષ્યવૃત્તિ ચૂકવશો.</u>**

આપની શાળામાં અન્ય કોઈ શાળાનું દરખાસ્તપત્રક કે હુકમ આવી ગયેલ હોય તો તાકીદે આપના બીટપટાવાળા મારફત પરત મોકલશો અથવા જે-તે શાળાને સુપ્રત કરશો. દરેક શાળાઓને શિષ્યવૃત્તિનો હુકમ મોકલવામાં આવેલ હોવા છતાં પણ કેટલીક શાળાઓ હુકમ ‘મળેલ નથી’ અથવા તો ‘ખોવાઈ ગયેલ છે’ તેમ જણાવી વારંવાર ડુપ્લીકેટ શાળા હુકમની માંગણી કરે છે. આવી પરિસ્થિતિ ઉપસ્થિત ન થાય તેમજ કામગીરી બેવડાય નહીં તે માટે આપની શાળાઓ શિષ્યવૃત્તિનો શાળા હુકમ સાચવીને શિષ્યવૃત્તિની ફાઈલમાં દફતરે રાખશો.

તા.૧૫-૪-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં.૯ તા.૧૫-૪-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :-ધોરણ ૧ થી ૮ના પરિણામપત્રકો ચેક કરાવવા અને પરિણામ જાહેર કરવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે પોતાના બીટના સુપરવાઈઝરશ્રી પાસેથી સમય મેળવીને **<u>તા.૨૨-૪-૧૫ થી તા.૨૪-૪-૧૫</u>** દરમ્યાન પરિણામપત્રકો ચેક કરાવવાના રહેશે.ધો.૧ થી ૮ના વિદ્યાર્થીઓનું પરિણામ **<u>તા.૧-૫-૧૫</u>**ના રોજ જાહેર કરવાનું રહેશે અને તે દિવસે શાળા સમય દરમિયાન વર્ગશિક્ષકે જાતે હાજર રહીને વાલી વિદ્યાર્થીને પરિણામ આપવું. પરિણામના દિવસે કોઈ વિદ્યાર્થી પરિણામ લેવા ન આવે તો તે તમામ પરિણામ મુખ્ય શિક્ષકશ્રીએ પોતાની પાસે રાખવા અને ત્યારબાદ આવનાર વાલી-વિદ્યાર્થીને આપવા.

આઠમાં ધોરણમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓના સ્કૂલ લીવિંગ સર્ટી.માં કોઈપણ ભૂલ રહી ન જાય તથા છેકછાક ન થાય તે રીતે તૈયાર કરવાની જવાબદારી મુખ્ય શિક્ષકશ્રીની છે. સ્કૂલ લીવિંગ સર્ટી.જે તે વિદ્યાર્થીના વાલીના જ હાથમાં આપવું.

સાતમા ધોરણમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ તે જ શાળામાં ચાલતા ધો.૮માં જવાના હોય તે સંજોગોમાં તેમના સ્કૂલ લીવિંગ સર્ટી. કાઢવાના કે આપવાના રહેતા નથી.

ઉનાળુ વેકેશન **<u>તા.૪-૫-૧૫ થી ૭-૬-૧૫ સુધીનું રહેશે. તા.૮-૬-૧૫</u>**ને સોમવારથી નવું સત્ર શરૂ થશે.

તા.૧૫-૪-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી